This Question Paper consists of 36 questions and 8 printed pages.
આ પ્રશ્નપત્રમાં 36 પ્રશ્નો અને 8 છપાયેલાં પાનાં છે.

Roll No.
રોલ નંબર

Code No. 60/S/A/G
કોડ નં.
Set - A

HOME SCIENCE
(ગૃહ વિજ્ઞાન)
(216-G)

Day and Date of Examination
(પરીક્ષાનો વાર અને તારીખ) ______________________

Signature of Invigilators 1. ______________________
(નિરીક્ષકની સહી)
2. ______________________

General Instructions :

1 Candidate must write his/her Roll Number on the first page of the Question Paper.

2 Please check the Question Paper to verify that the total pages and the total number of questions contained in the Question Paper are the same as those printed on the top of the first page. Also check to see that the questions are in sequential order.

3 For the objective type of questions, you have to choose any **one** of the four alternatives given in the question i.e. (A), (B), (C) or (D) and indicate your correct answer in the Answer-Book given to you.

4 All the questions including objective type questions are to be answered within the allotted time and no separate time limit is fixed for answering objective type questions.

5 Making any identification mark in the Answer-Book or writing Roll Number anywhere other than the specified places will lead to disqualification of the candidate.

6 Write your Question Paper code No. **60/S/A/G-A** on the Answer-Book.

7 The Question Paper is bilingual. In case of doubt, the English version should be considered as authentic.

સામાન્ય નિર્દેશ :

1 વિદ્યાર્થી તેનો રોલ નંબર પ્રશ્નપત્રના પહેલા પાને લખે.

2 પહેલાં પ્રશ્નપત્રને ચકાસી લેવું. પ્રશ્નપત્રમાં આપેલાં કુલ પાનાં અને પ્રશ્નોની સંખ્યા એટલી જ છે જેટલી પ્રથમ પાના ઉપર છે તે જોઈ લેવું અને પ્રશ્નો ક્રમવાર છે કે નહીં તે ચકાસી લેવું.

3 બહુવિકલ્પીય પ્રશ્નોના વિકલ્પો દા.ત. (A), (B), (C) અને (D) માંથી જે ઉત્તર લખવો હોય તેને આપેલી ઉત્તર પુસ્તિકામાં લખવો.

4 બહુવિકલ્પીય પ્રશ્નોની સાથે બધા પ્રશ્નોના ઉત્તર નિર્ધારિત કરેલા સમયમાં આપવા. બહુવિકલ્પીય પ્રશ્નો માટે અલગથી સમય નહીં આપવામાં આવે.

5 ઉત્તર પુસ્તિકામાં નિર્દેશ કરેલ સ્થાન સિવાય બીજા કોઈ પણ સ્થાને રોલ નંબર તથા અન્ય ચિહ્ન લખવાથી પરીક્ષાર્થીને અયોગ્ય ઠરાવવામાં આવશે.

6 પોતાની ઉત્તર પુસ્તિકા પર પ્રશ્નપત્રની કોડ સંખ્યા **60/S/A/G-A** લખવી.

7 પ્રશ્નપત્ર બે ભાષામાં છે. કોઈ પણ શંકા નિર્માણ થાય તો અંગ્રેજી ભાષાંતરને પ્રમાણભૂત ગણવું.

HOME SCIENCE

(ગૃહ વિજ્ઞાન)

(216-G)

Time : $2\frac{1}{2}$ Hours] [Maximum Marks : **85**

સમય : $2\frac{1}{2}$ કલાક] [કુલ ગુણ : **85**

Note : (1) **All** questions are **compulsory.**

(2) **Marks** are indicated against each question.

સૂચના : (1) **બધા પ્રશ્નો અનિવાર્ય છે.**

(2) પ્રત્યેક પ્રશ્નની સામે **ગુણ** આપેલા છે.

---

1 Children with vitamin A deficiency may suffer from which disease ? **1**

(A) Rickets (B) Night blindness

(C) Scurvy (D) Anaemia

વિટામિન 'એ'ની ઊણપવાળા બાળકો કયા રોગથી પિડાતા હોય છે ?

(A) રિકેટ્સ (B) રતાંધળાપણું

(C) સ્કર્વી (D) એનિમિયા

2 Which method will you use to prepare rice ? **1**

(A) Simmering (B) Steaming

(C) Stewing (D) Boiling

ભાત તૈયાર કરવા માટે તમે કઈ પદ્ધતિનો ઉપયોગ કરશો ?

(A) ખદખદાવીને (B) વરાળથી બાફીને

(C) સિઝાવીને (D) ઉકાળીને

3 What first aid would you give in case of unconsciousness ? 1

(A) Give water to drink (B) Keep the victim warm

(C) Sprinkle water on face (D) Turn his face sideways

બેભાન થવાના કિસ્સામાં તમે કઈ પ્રાથમિક સારવાર આપશો ?

(A) પીવા માટે પાણી આપશો (B) દર્દીને હૂંફમાં રાખવો

(C) ચહેરા પર પાણી છાંટવું (D) દર્દીનો ચહેરો આજુબાજુ ફેરવવો

4 How can you ensure buying vegetables with accurate weight ? 1

(A) Checking weights used by vendors.

(B) Ensure weights have inspectors' stamp.

(C) Refuse to buy from roadside vendors.

(D) Ensure stones are not used.

તમે ચોક્કસ વજન સાથે શાકભાજી ખરીદવાની ખાતરી કેવી રીતે કરી શકો ?

(A) ફેરિયાઓ દ્વારા ઉપયોગમાં લેવાતા વજનકાંટા અને બાટની તપાસ

(B) વજનમાં નિરીક્ષકોના સ્ટેમ્પની ખાતરી

(C) રસ્તા પર બેસતા ફેરિયાઓ પાસેથી ખરીદી કરવાનો આગ્રહ ન રાખવો

(D) ખાતરી કરો કે પથ્થરોનો ઉપયોગ થતો નથી.

5 Which vaccine is given to protect a two months old child from tetanus ? 1

(A) DPT (B) BCG

(C) DT (D) TT

બે મહિનાના બાળકને ટિટેનસથી બચાવવા કઈ રસી આપવામાં આવે છે ?

(A) ડીપીટી (B) બીસીજી

(C) ડીટી (D) ટીટી

6 Spasms of jaw muscles and face may be an indication of which disease ? 1

(A) Malaria (B) Tetanus

(C) Influenza (D) Typhoid

ચહેરા અને જડબાના સ્નાયુઓનું ખેંચાણ એ કયા રોગનો સંકેત હોઈ શકે છે ?

(A) મેલેરિયા (B) ટિટેનસ

(C) ફ્લૂ (ઇન્ફ્લૂએન્ઝા) (D) ટાઈફોઈડ

7 Methylated spirit or kerosene is used for removing which stain ? **1**

(A) Blood (B) Ink

(C) Ball Pen (D) Coffee

મેથિલેટેડ સ્પિરિટ અથવા કેરોસીનનો ઉપયોગ કેવા પ્રકારના ડાઘને દૂર કરવામાં થાય છે ?

(A) લોહી (B) શાહી

(C) બોલપેન (કલમ) (D) કૉફી

8 When all the dishes are tasted before serving the guest in a function, it ensures good **1**

(A) planning (B) implementing

(C) organizing (D) evaluating

જ્યારે કાર્યક્રમમાં મહેમાનોને વાનગીઓ પીરસતા પહેલાં તેનો સ્વાદ ચાખવામાં આવે તે શેની ખાતરી આપે છે ?

(A) આયોજન (B) અમલીકરણ

(C) ગોઠવણ (D) મૂલ્યાંકન

9 List any four programs run by local organizations to maintain good health of villagers. **2**

ગ્રામજનોના સ્વાસ્થ્યને જાળવવા સ્થાનિક સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવતા કોઈ પણ ચાર કાર્યક્રમોની યાદી બનાવો.

10 List four advantages of breast feeding. **2**

સ્તનપાન કરાવવાના ચાર ફાયદા જણાવો.

11 What do you understand by permissive disciplining style ? What is its impact on the personality of children ? **2**

તમે અનુમતિશીલ શિસ્ત શૈલી વિશે શું સમજો છો ? બાળકોના વ્યક્તિત્વ પર તેની શું અસર પડે છે ?

12 Why is it important to include calcium in the meals of adolescents ? Give four reasons. **2**

કિશોરવયના ભોજનમાં કેલ્શિયમ સામેલ કરવું શા માટે મહત્ત્વપૂર્ણ છે ? ચાર કારણો આપો.

13 A family has been served chole bhatura for lunch. Which two food groups are missing in this meal ? Suggest two ways to add these in this meal. **2**

એક કુટુંબ ભોજનમાં છોલે ભટૂરે ખાય છે. આ ભોજનમાં કયા બે ખાદ્ય જૂથની કમી છે ? કઈ બે રીતો દ્વારા આ ખાદ્ય જૂથોને તેમાં ઉમેરી શકાય ?

14 Write two differences between Deep and Shallow frying methods of cooking. **2**

રસોઈમાં સાંતળવું અને તળવું એ બંને પદ્ધતિઓ વચ્ચેના બે તફાવતો લખો.

15 Identify any four sources of air pollution which can be controlled. **2**

વાયુ પ્રદૂષણના નિયંત્રિત કરી શકાય તેવા કોઈ પણ ચાર સ્રોતો જણાવો.

16 Differentiate between Plain and Satin weave. **2**

સાદા અને સાટિન વણાટ વચ્ચેનો તફાવત લખો.

17 Which two human and two non-human resources would you use while cooking ? **2**

તમે રસોઈ બનાવતી વખતે કયા બે માનવીય અને અમાનવીય સંસાધનોનો ઉપયોગ કરશો ?

18 What four ways can family members reduce their expenses ? **2**

પરિવારના સભ્યો કઈ ચાર રીતથી તેમનો ખર્ચ ઘટાડી શકે છે ?

19 In what four ways can a pregnant woman ensure that she eats healthy food ? **2**

સગર્ભા સ્ત્રી કઈ ચાર રીતે સુનિશ્ચિત કરી શકે છે કે તે સ્વસ્થ ખોરાક લે છે ?

20 In what four ways can a family ensure that no discrimination is shown to women in their house ? **2**

એક કુટુંબમાં કઈ ચાર રીતોથી ખાતરી કરી શકાય છે કે તેમના ઘરની મહિલાઓ સાથે કોઈ ભેદભાવ નથી થઈ રહ્યો ?

21 Geeta has two pre-school children. Suggest her four ways she can use skills learnt in Home Science to open her own business from home. **2**

ગીતાને બે પ્રિ-સ્કૂલ બાળકો છે. એ ઘરેથી પોતાનો વ્યવસાય ખોલવા માટે ગૃહ વિજ્ઞાનમાં શીખેલી કુશળતાનો ઉપયોગ કરવા ઇચ્છે છે. તે માટેની ચાર રીતો સૂચવો.

22 As an NGO worker, make the public aware of four ways they can contribute in controlling water pollution. **2**

એક એનજીઓ કાર્યકર તરીકે, પાણીનું પ્રદૂષણ ઘટાડવામાં લોકો પોતાનો ફાળો આપી શકે એ માટે જાગૃતિ લાવવાની ચાર રીતો જણાવો.

23 Your sister ruined her woolen clothes while washing them. What four possible mistakes she may have committed ? **2**

તમારી બહેને તેના ઊનનાં કપડાં પલાળતી વખતે બગાડ્યા. તેણે કઈ ચાર શક્ય ભૂલો કરી હશે ?

24 Sequence the steps of dehydrating vegetables at home. **3**

ઘરે શાકભાજી સુકવણી કરવાની પદ્ધતિને ક્રમબદ્ધ રીતે લખો.

25 Write any three characteristics each of wool and cotton fibres. **3**

ઊન અને સૂતરાઉ રેસાઓ પ્રત્યેકની કોઈ પણ ત્રણ લાક્ષણિકતાઓ લખો.

26 Which six features would you consider to make your house more functional ? Discuss. **3**

તમારા ઘરને વધુ કાર્યાત્મક બનાવવા માટે તમે કઈ છ સુવિધાઓ ધ્યાનમાં લેશો ? ચર્ચા કરો.

27 Make a time plan for a home maker from 8 am to 2 pm. **3**

ઘરે રહેતી એક વ્યક્તિ (હોમ મેકર) માટે સવારના 8 થી બપોરના 2 વાગ્યા સુધીની સમય યોજના બનાવો.

28 Make your neighbour aware of any of his six rights as a consumer. **3**

તમારા પાડોશીને ઉપભોક્તા તરીકેના તેના કોઈ પણ છ અધિકારો માટે જાગૃત કરો.

29 "Development follows a fixed sequence". Support this statement with the help of two examples. **4**

'વિકાસ એક નિશ્ચિત ક્રમ અનુસરે છે' બે ઉદાહરણોની મદદથી આ કથનને સમર્થન આપો.

30 In what four ways are symptoms of tetanus different from that of tuberculosis ? **4**

ટીટેનસનાં લક્ષણો કઈ ચાર રીતે ક્ષય રોગ કરતાં અલગ પડે છે ?

31 Briefly describe the following finishes. Why are they done ? **4**

(i) Mercerization (ii) Bleaching

નીચે આપેલા ફિનિસિસ ટૂંકમાં સમજાવો. તે શા માટે કરવામાં આવે છે ?

(i) મજબૂત અને રેશમી બનાવવું (મર્સરાઈઝેશન)

(ii) વિરંજન (બ્લીચિંગ)

32 Identify eight possible mistakes made by people while giving first aid which can worsen the condition of the victim. **4**

પ્રાથમિક સારવાર આપતી વખતે લોકો દ્વારા થતી આઠ શક્ય ભૂલો જણાવો જે પીડિતની સ્થિતિ વધુ ખરાબ કરી શકે છે.

33 Suggest eight ways your sister can reduce her movements and save her energy while cleaning her house. **4**

તમારી બહેનને તેના ઘરની સાફસફાઈ કરતી વખતે હલનચલન ઘટાડી શકે અને તે પોતાની ઊર્જા બચાવી શકે તે માટેની આઠ રીતો સૂચવો.

34 What do you mean by dignity of labour ? How can we inculcate this in people ? Discuss. **4**

તમારા મતે શ્રમનું ગૌરવ શું છે ? લોકોમાં શ્રમ પર ગૌરવની લાગણી વિકસાવવા શું કરવું જોઈએ ? ચર્ચા કરો.

35 Briefly describe any two methods used by the chef to prepare aloo parantha for a girls hostel. **4**

કન્યા છાત્રાલય માટે આલુ પરોઠા તૈયાર કરવા માટે રસોઈયા દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી કોઈ પણ બે પદ્ધતિઓનું સંક્ષિપ્તમાં વર્ણન કરો.

36 Shan is feeling very stressed, as his friends often force him to take drugs, against his wishes. If you were Shan, how would you have coped with this situation ? Give reasons for your actions. **4**

શાન ખૂબ જ તણાવ અનુભવે છે કારણ કે તેના મિત્રો તેને તેની ઈચ્છા વિરુદ્ધ ડ્રગ્સ લેવા માટે દબાણ કરે છે. જો તમે શાન હોત તો તમે આ પરિસ્થિતિનો સામનો કેવી રીતે કરી શક્યા હોત ? તમારી ક્રિયાઓ માટે કારણો આપો.